બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોના ફિક્સ પગારમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ : બમશ /૧૧૧૫/૨૨/ગ.
સચિવાલય,ગાંધીનગર.
**તા. ૨/૭/૨૦૧૯**

સંદર્ભ :-

**(૧)** નાણાં વિભાગનો તા. ૧૮/૧/૨૦૧૭નો ઠરાવ ક્ર: ખરચ/૨૦૦૨/૫૭/ પાર્ટ-૨/ઝ.૧

**(૨)** શિક્ષણ વિભાગનો તા. ૧૭/૧૦/૨૦૧૭નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**(3)** ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ અને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો તા. ૧૨/૬/૨૦૧૯નો પત્ર.

**પ્રસ્તાવના :-**

સંદર્ભ (૧) હેઠળના નાણાં વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-3 અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારીઓના ફિક્સ પગારમાં સુધારો કરવામાં આવેલ છે.

સંદર્ભ (૧) હેઠળના નાણાં વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ના ઠરાવ અન્વયે આ વિભાગના સંદર્ભ (૨) હેઠળના તારીખ ૧૭/૧૦/૨૦૧૭ના ઠરાવથી રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોને રૂ. ૨૫,૦૦૦/- અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોને રૂ. ૨૬,૦૦૦/- પ્રતિમાસ ફિક્સ પગાર આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે

આમ,રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળમાં ફરજ બજાવતાં શિક્ષણ સહાયકોના સંદર્ભમાં રાજ્યની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષણ સહાયકોના પગારમાં રહેલ વિસંગતતા બાબતે વિવિધ કક્ષાએથી સરકાર સમક્ષ રજૂઆતો મળેલ હતી. આ વિસંગતતા દૂર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

***<u>ઠરાવ:-</u>***

કાળજીપૂર્વક વિચારણાને અંતે, રાજ્યની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં શિક્ષણ સહાયકોને પણ રાજ્ય સરકારની સરકારી શાળાના શિક્ષણ સહાયકોને સમકક્ષ ફિક્સ પગાર આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. આથી, રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોને હાલ મળતો પગાર રૂ.૨૫,૦૦૦/-ના બદલે રૂ.૩૧,૩૪૦/- (રૂપિયા એકત્રીસ હજાર ત્રણસો ચાલીસ) અને રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોને હાલ મળતો પગાર રૂ.૨૬,૦૦૦/-ના બદલે રૂ.૩૮,૦૯૦/- (રૂપિયા આડત્રીસ હજાર નેવું) આપવાનું આથી નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

***શરતો:-***

(૧) આ ઠરાવનો અમલ તા.૦૧/૦૪/૨૦૧૯થી જ કરવાનો રહેશે.

(૨) સુધારેલો પગાર જુલાઇ – ૨૦૧૯થી ચૂકવવાનો રહેશે.

(3) આ પગાર વધારાને અન્ય કોઈ હક્ક દાવા સાથે જોડવાનો રહેશે નહિ.

(૪) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ અને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના વંચાણે લીધેલ સંદર્ભ (3) હેઠળના તા. ૧૨/૬/૨૦૧૯ના પત્રની વિગતે તા.

Scanned by CamScanner

૦૧/૦૨/૨૦૧૭થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો વધારો નોશનલ સ્વીકારવા બાબતે આપેલ સંમતિનો અમલ કરાવવાની જવાબદારી આ બંને મહામંડળોની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૦૧/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. એમ. મિસણ)
અધિક સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના. વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા. અને મા.શિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, (શાળાઓ)ની કચેરી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ / રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ,ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર,અમદાવાદ.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી,શાળાઓ મારફતે)
- મેનેજરશ્રી, ઇન્ડેક્ષ વી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજરશ્રી,I.F.M.S.,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner

ક્રમાંક/અમદ/ગ-૧/ઘ/માધ્ય/૨૦૧૯/૧૯૫૦૪-૫૭૨
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૯/૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમર/૧૧૧૫/૨૨/ગ. તા. ૨/૭/૧૯
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના: જાણ સારૂ તથા કાર્યવાહી
સંયુક્ત નિયામક (હિસાબ), સદર કચેરી.
સંયુક્ત શિક્ષણ નિયામક (10+2), સદર કચેરી.
સંયુક્ત શિક્ષણ નિયામક
જિલ્લા તિજોરી અધિકારી
તમામ

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

Scanned by CamScanner